**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૯૩ ટકા

# શહેરમાં પવિત્ર શ્રાવણનું ભકિતભાવપૂર્ણ સમાપન

## સવારથી શિવાલયોમાં દર્શનાર્થીઓની ભીડ : અનેક સ્થળોએ હોમાત્મક યજ્ઞ-અનુષ્ઠાનથી માંડીને લઘુરુદ્ર વગેરેનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આજે પવિત્ર શ્રાવણ માસનું સમાપન ભકિતભાવ સાથે થવા પામ્યું હતું. શહેરના મંદિરોમાં શ્રાવણ માસની અમાસ નિમિત્તે વિશેષ પૂજા-અર્ચના તથા આરતી વગેરે ઉપરાંત વિવિધ હોમાત્મક યજ્ઞ-અનુષ્ઠાન વગેરેના આયોજન કરવામાં આવ્યા



હતા. આ ઉપરાંત શહેરની સોસાયટીઓ વસાહતો વગેરેમાં પણ શિવમહિમ્ન સ્ત્રોતના પાઠથી માંડીને લઘુરૂદ્ર સુધીના આયોજન હાથ ધરવામાં આવ્યા હતા. સે-૬માં ભુવનેશ્વર મંદિર ખાતે ૫૧ કુંડી મહારૂદ્રી હોમાત્મક યજ્ઞ યોજાયો હતો.

પવિત્ર શ્રાવણ માસમાં શ્રધ્ધાળુ ધાર્મિક ભાવિકોએ મન ભરીને શિવ ભકિત કરી હતી અને આજે માસના અંતિમ દિવસે શ્રધ્ધાળુઓએ શહેરના મંદિરોમાં ભારે ભીડ જમાવી હતી. આજે સવારથી જ સેકટર-૨૨માં પંચદેવ મંદિર, સે-૬માં સોમનાથ મહાદેવ, સેકટર-૬માં ભુવનેશ્વર મહાદેવ, સેકટર-૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ, સે-૪માં ઓમકારેશ્વર મહાદેવ સહિત શહેરના શિવ મંદિરો ઉપરાંત પ્રાચીન ધોળેશ્વર મહાદેવ, વાવોલના સિધ્ધનાથ મહાદેવ વગેરે મંદિરોમાં દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા અને શિવજીનેદૂધ-પાણી









તથા બિલીપત્ર વગેરેનો અભિષેક કર્યો હતો. સેકટર-૬માં ભુવનેશ્વર મહાદેવના મંદિરે ૫૧ કુંડી મહારૂદ્રી હોમાત્મક યજ્ઞ સહિત શહેરમાં અનેક ઠેકાણે વિવિધ યજ્ઞ-અનુષ્ઠાન યોજાયા હતા. જેમાં



ભાવિકોએ પરિવાર સહિત શ્રધ્ધાપૂર્વક ભાગ લીધો હતો.

શહેરના સેકટરવાસીઓએ શિવ મહિમ્ન સ્ત્રોતના પાઠ તથા સોસાયટીઓમાં લઘુરૂદ્ર યજ્ઞ જેવા આયોજનો સાથે મહાપ્રસાદનો લાભ લીધો હતો. અકંદરે સમગ્ર ગાંધીનગરમાં શ્રાવણ માસનું સમાપન ભકિતભાવપૂર્ણ રીતે થવા પામ્યું હતું.

# ભારત વિકાસ પરિષદની રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૧૮ યોજાઈ





ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરની સેવાકીય સંસ્થા ભારત વિકાસ પરિષદ દ્વારા આજ રોજ સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા-૨૦૧૮ યોજાઈ હતી. જેમાં શહેરની ૨૨ શાળાની ૨૭ ટીમોએ ભાગ લીધો હતો. બાળકોએ સુંદર દેશભકિતના ગીતો રજુ કરતા હોલમાં અનોખુ દેશભકિતનું વાતાવરણ સર્જાયું હતું. આ પ્રતિયોગિતામાં પ્રાથમિક વિભાગમાં એસ.જી.ઈંગ્લીંશ મીડીયમ શાળા સે-૨૩ ની ટીમે પ્રથમ નંબર મેળવ્યો છે. જયારે માધ્યમિક અને સંસ્કૃત વિભાગમાં બ્રાઈટ હાઈસ્કુલ વલાદે પ્રથમ નંબર મેળવ્યો હતો. આ સ્પર્ધામાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે વિજેતા ટીમને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે આજે સવારે ૯.૩૦ કલાકે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રાથમિક, માધ્યમિક અને સંસ્કૃત ત્રણ વિભાગો પાડવામાં આવ્યા હતા. જેમાં શહેરની ૨૨ શાળાની ૨૭ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ પ્રા.ડો.કે.એસ. લિખિયાએ દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. પ્રાથમિક વિભાગમાં-૧૪, માધ્યમિક વિભાગમાં-૪, અને સંસ્કૃત વિભાગમાં-૪ ટીમો ભાગ લીધો હતો. એક પછી એક ટીમના વિદ્યાર્થીઓએ ઢોલ સંગીતના તાલે સુંદર દેશભકિતના ગીતો રજુ કરતા સૌ કોઈ ઉપસ્થિત નગરજનોએ તાળીઓથી બાળકોને વધાવી લીધા હતા. દેશભકિતના સુંદર ગીતોને પગલે હોલમાં પણ અનોખું વાતાવરણ સર્જાયું હતું. આ પ્રતિયોગિતામાં પ્રાથમિક વિભાગમાં સે-૨૩ એસ.જી.ઈંગ્લીંશ મેડીયમ શાળાના વિદ્યાર્થીઓએ પ્રથમ નંબર મેળવ્યો હતો. જયારે દ્રિતિય બ્રાઈટ ઈન્ટરનેશનલ શાળા ગાંધીનગર અને તૃતિય ક્રમ બ્રાઈટ પ્રાથમિક શાળાએ પ્રાપ્ત કર્યો હતો. તેવી જ રીતે માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબરે બ્રાઈટ હાઈસ્કુલ વલાદ, દ્વિતિય ક્રમ શ્રી સ્વામીનારાયણ હાઈસ્કુલ સે-૨૩ તેમજ તૃતિય ક્રમ બ્રાઈટ ઈન્ટરનેશનલ શાળા ગાંધીનગરે મેળવ્યો છે. જયારે સંસ્કૃત વિભાગમાં પ્રથમ નંબર બ્રાઈટ હાઈસ્કુલ વલાદ, દ્વિતિય ક્રમ કીષ્ના સ્કુલ ઓફ સાયન્સ અને તૃતિય ક્રમ બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ ગાંધીનગરે પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે ખાસ મહેમાન તરીકે લે.કર્નલ અરવિંદ કપુર, કેપ્ટન ચિરાગ શાહ, ભારત વિકાસ પરિષદના પ્રમુખ મુકેશ રાવલ, મંત્રી નરેન્દ્ર પટેલ સહિત હોદેદારો અને સભ્યો હાજર રહ્યા હતા.

# કરાઈ કેનાલ પાસે સેલ્ફી લેવા પહોંચેલા ચાર મિત્રો પૈકી બે ડૂબી ગયા

## કેનાલના ઢાળ પર જઈ સેલ્ફી લેવા જતા પગ લપસી જવાથી ઘટના સર્જાઈ : ડૂબી રહેલા બે પૈકી એક મિત્ર બહાર આવી ગયો, ડુબતા મિત્રને બચાવવા બહાર ઊભેલા મિત્રએ છલાંગ લગાવી અને બંને ડુબી ગયા : કેનાલમાં શોધખોળ ચાલુ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીક આવેલી કરાઈ નર્મદા કેનાલ પાસે ઢાળ પર સેલ્ફી લેવા પહોંચેલા અમદાવાદના ચાર મિત્રો પૈકી બે મિત્રોના પગ લપસી જતા બંને ડુબી ગયા હોવાની ઘટના ધ્યાને આવે છે. આજે બપોરે બનેલી આ ઘટનામાં બે મિત્રો સેલ્ફી પાડતી વખતે પગ લપસી જતાં કેનાલમાં ગરકાવ થઈ ગયા હતા. જો કે આ બે પૈકી એક યુવાન મિત્રને તરતા આવડતું હોવાથી બહાર નીકળી ગયો હતો. તો બીજી તરફ ડૂબી રહેલા મિત્રને બચાવવા કેનાલની બહાર ઉભેલો તેનો બીજો મિત્ર કેનાલમાં પડ્યો હતો. આખરે મિત્રને બચાવવા પડેલો યુવાન પણ ડૂબી ગયો હતો. કરાઈ કેનાલમાં ડૂબી ગયેલા બન્ને યુવા મિત્રોની ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરાઈ રહી છે જો કે મોડી સાંજ સુધી બંને યુવાનોના કોઈ સગડ મળ્યા ન હતા.

મળતી માહિતી મુજબ અમદાવાદના ચાર યુવા મિત્રો આજે બપોરના અરસામાં કરાઈ



કેનાલ પાસે આવ્યા હતા. કેનાલ પાસે ચારેય મિત્રો ફોટોગ્રાફી કરી રહ્યા હતા ત્યારે ત્યાંથી પસાર થયેલા સિક્યુરિટી ગાર્ડે તેમને અહીં ઊભા ન રહેવા અને ફોટોગ્રાફી ન કરવા સૂચન કર્યુ હતું. થોડી વાર બાદ સિક્યુરિટી ગાર્ડ દૂર ગયો ત્યારે ચાર પૈકી બે મિત્રો કેનાલનો ઢાળ ઉતરીને ત્યાંથી સેલ્ફી લેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. અચાનક પગ લપસી જતાં કેનાલના પાણીમાં બંને મિત્રો ખાબકયા હતા. સુત્રોનુ માનીએ તો ડૂબી રહેલા બે યુવા મિત્રો પૈકી એક ને તરતા આવડતુ હતુ હોવાથી તે તાત્કાલિક જીવ બચાવીને બહાર આવી ગયો હતો. જ્યારે બીજાને તરતા આવડતું ન હોવાથી તે ડૂબી રહ્યો હતો. ડૂબી રહેલા આ મિત્રને બચાવવા કેનાલની બહાર ઉભેલો તેનો બીજો મિત્ર કેનાલમાં કુદયો હતો અને તે મિત્રને બચાવવા જતાં પોતે પણ જીવ ખોયો હતો. અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા જયેશ એમ જેઠવાણી અને નાના ચિલોડા ખાતે રહેતા સંજુ નંદવાણી નામનાં યુવામિત્રો કરાઈ નર્મદા કેનાલમાં ડૂબી ગયા છે. આ ઘટનાની જાણ ગાંધીનગર ફાયરબ્રિગેડને થતા ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને કેનાલમાં બંને યુવાનની શોધખોળ શરૂ કરી છે. જો કે મોડી સાંજ સુધી બન્નેમાંથી એક પણ યુવાનની ભાળ મળી ન હતી.

# દબાણકર્તા સાથે દબાણ વિકસવા દેનાર જવાબદાર તંત્ર પણ સજાનું હક્કદાર નહીં??

## ગેરકાયદેસર દબાણ શરૂઆતથી જ રાજકીય શેહ-શરમ કે લોભ-લાલચમાં વિસ્તરવા દેનાર જવાબદાર તંત્રના કર્મચારીઓ-અધિકારીઓ પણ દબાણકર્તા જેટલા જ ગુનેગાર : લાંબા સમયે દબાણો તોડવા કામગીરી હાથ ધરાતા દર્દનાક પરિસ્થિતિના સર્જન માટે તેમને પણ સજા કેમ ના મળે??

ગાંધીનગર, તા.૯

છેલ્લા કેટલાક દિવસથી રાજયના પાટનગર ગાંધીનગર ઉપરાંત અમદાવાદ સહિતના વિવિધ શહેરો તથા નગરોમાં ગેરકાયદેસર પાક્કા દબાણો હટાવવાની સરકારી કામગીરી ચર્ચામાં છે. રહેણાંકથી માંડીન કોમર્શિયલ દબાણો હટાવવાની આ કામગીરીની કયાંક પ્રસંશા થઈ રહી છે તો કયાંક તેના પર અનેક પરિવારો જેના પર નભે છે તેમની આજીવિકા છીનવાઈ જવાની કે પરિવારો બે-ઘર થવાની પરિસ્થિતિનું સર્જન થવાનું લાંછન પણ લાગી રહ્યું છે. ગ્રામીણ વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર દરેક સ્થળે વર્ષોથી રાજકીય શેહ શરમ કે લાંચની લાલચમાં જવાબદાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરીને વકરવા દીધેલી સમસ્યા જયારે નાના ગુમડામાંથી મોટો સડો બની ગયા પછી તેનું દર્દનાત્મક ઓપરેશન કરવાનું આવે એટલે તકલીફ પડે તે રીતે હાથ ધરાયેલી કામગીરી માટે દર્દી અને ડૉકટર બંને સરખા જ જવાબદાર છે તો તેની સજા પણ શા માટે બંને ના મળે??

દબાણની સમસ્યા આટલી હદે કેવી રીતે વકરી તે દરેક દબાણકર્તા અને તે દબાણને




વધવા દેનાર જવાબદાર તંત્ર પછી તે ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, નોટીફાઈડ ઓથોરિટી, હાઉસિંગ બોર્ડ, વન વિભાગ, પીડબલ્યુ વિભાગ કે અન્ય કોઈ પણ સરકારી કે અર્ધસરકારી સત્તા મંડળ હોય તેના જે તે કર્મચારીઓ કે અધિકારીઓથી માંડીને રાજકીય ઓથ પુરી પાડનાર નેતાઓ કે સત્તાધીશો સારી રીતે જાણે છે.

રહેણાંક દબાણની સમસ્યા અંગે વાત કરીએ તો ગ્રામ પંચાયતથી માંડીને મહાનગરપાલિકા સુધી દરેક જગ્યાએ રહેણાંક પ્લોટમાં અમુક ટકા ભાગની હવા ઉજાસથી માંડીને વાહન પાર્કિંગ મળી રહે તે માટે માર્જીનની જગ્યા છોડવી ફરજિયાત છે. પરંતુ દબાણકર્તા પહેલા તે જગ્યામાં છાંયડો કે અન્ય કારણોસર શેડ બાંધે અને પછી ધીમે ધીમે તેને ફરતે જાળી-ઝાંપા લગાડી પછીથી પાકી દિવાલો ચણી લે અને સમયાંતરે ધાબુ સુધ્ધાં ભરી લેવામાં આવે અને પછીથી તેની ઉપર માળ પણ બાંધવાની છુટ લેવા માંડે છે અથવા ફલેટ હોય તો ઉપર નીચેના રહિશો સહિયારી સંમતિથી દબાણ કરી લે છે. કોમર્શિયલ દબાણોની વાત કરીએ તો દુકાન આગળ પહેલા માલ સામાન મુકવાથી કે ગ્રાહકોને બેસવા માટે સ્ટૂલ કે પાટલી મુકવાથી શરૂઆત કરી પછી ઉપર છત્ર બાંધવાનું અને તેને પછી ધીમે ધીમે શેડ, જાળી અને પાકુ ચણતર કરતા જઈને વધારતા જવાની રીત અજમાવાય છે. ખુલ્લામાં સરકારી જમીનમાં બંધાયેલા ઝુપડા કે ઉભા રહેલા લારી ગલ્લા પણ આજ રીત રસમથી મોટી વસ્તીમાં કે બજારોમાં ફેરવાઈ





જાય ત્યાં સુધી તેને વધવા દેવામાં આવે છે. ગાંધીનગરમાં તો એ પરિસ્થિતિ સર્જાઈ છે કે કેટલાક સેકટરોમાં વીજ થાંભલા કે વીજ ડીપી સુધ્ધાં મકાનોની દિવાલોમાં ચણાઈ ગયા છે અથવા વન વિભાગ હસ્તકની જગ્યામાં ખાનગી બગીચાથી માંડીને પાર્કિંગના શેડ કે નાના સ્ટોર રૂપ ચણાઈ ગયા છે. અનેક જગ્યાએ દબાણકર્તાઓ તો એટલી હદ સુધી ગયા છે કે સરકારી જગ્યામાં શેડ કે દુકાનો બાંધી બીજાને ભાડે આપી દીધી હોય અથવા પોતાની દુકાનની આસપાસમાં દબાણ કરીને અન્ય નાના વ્યવસાયકારને પેટા ભાડૂઆત તરીકે વાપરવા દેવાતી હોય છે.

સરકારે જયારે પણ કોઈ મોટી ઝુંપડપટ્ટીને હટાવી હોય ત્યારે તેમાં વસતા પરિવારોને બે ઘર થવાની પરિસ્થિતિમાં માનવીય અધિકારોને ધ્યાનમાં રાખી વૈકલ્પિક આવાસો બનાવી આપવાના પગલાં લેવા પડયા છે અથવા લારી ગલ્લાના દબાણો હટાવવા ફૂડકોર્ટ જેવા વાણિજયક સંકુલોના વિકલ્પ આપવા પડયા છે. કેમ કે તેમના વ્યવસાય પર નભતા પરિવારોની સ્થિતિને ધ્યાનમાં લેવી પડે છે તો જેના માલિકીના રહેણાંક મકાનો, પ્લોટ કે ફલેટ છે તેણે વર્ષો પછી પોતાના પરીવારની સભ્ય સંખ્યા વધવાને કારણે સગવડ માટે કરેલા દબાણ અચાનક હટાવતા તેમને માનવીય અભિગમની રૂએ વૈકલ્પિક ઉકેલ મેળવવાનો અધિકાર ના હોવો જોઈએ?? કોઈએ પોતાની મહેનતની જીવન મૂડી ખર્ચીને કે દેવું કરીને ખરીદેલી દબાણવાળી જ્યા કે વર્ષો સુધી પરસેવો પાડીને ઉભી કરેલી આજીવિકાનું સાધન છીનવાતું હોય તો તેને વૈકલ્પિક સગવડ મેળવવાનો અધિકાર ના મળે?? દબાણની જગ્યા વેચવાના દસ્તાવેજ સુધ્ધાં થઈ જાય તે માટે મહેસુલ તંત્રની કોઈ જવાબદારી ખરી કે નહીં??

ભારતના બંધારણમાં દરેક નાગરિકને રહેઠાણનો અને આજીવિકા માટે કાયદેસરના વ્યવસાયનો હક્ક મળ્યો છે પરંતુ કેટલાક નાગરિકો આ હક્કનો દુરુપયોગ કરીને ગેરકાયદેસર દબાણ કરે છે તે તદ્દન ગેરવ્યાજબી જ છે પરંતુ આ દબાણને શરૂઆતથી અટકાવવાને બદલે ઓથ પુરી પાડતા રાજકીય નેતાઓ કે આંખ આડા કાન કરતા જવાબદાર તંત્રના કર્મચારીઓ-અધિકારીઓ વર્ષો સુધી પગલાં નહી ભરીને તેમના જેટલાં જ ગુનેગાર છે. ગેરકાયદેસર દબાણો હટવા જ જોઈએ પરંતુ તેમાં હવે સાથે ઈમ્પેકટ ફી જેવા વિકલ્પો અમુક મર્યાદામાં જ આપી માનવીય અભિગમ પણ દાખવવો જોઈએ પરંતુ સાથે સાથે આ દબાણો જેમના કાર્યકાળ દરમિયાન વિસ્તર્યા હતા તે તમામ કર્મચારી અધિકારીઓ પછી ભલે તે નિવૃત્ત થઈ ગયા હોય પરંતુ તેમની સામે દંડનાત્મક પગલા લેવાની કાર્યવાહી પણ થવી જ જોઈએ ત્યારે જ આ સમસ્યા ભવિષ્યમાં ફરી ના સર્જાય તેવો માહોલ સર્જાશે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com